**વડાપ્રધાન, સાંસદને ડેપ્યુટી મેયર દ્વારા લખાયેલ પત્રનો વિવાદ**

# ઝુંપડપટ્ટી કોલવડા ખસેડાશે તો સમગ્ર ગ્રામજનો ઉગ્ર આંદોલન કરશે : જવાબદાર ડે. મેયર રહેશે

**વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગાંધીનગરના સાંસદ અમીત શાહને ડેપ્યુટી મેયરે બે દિવસ પહેલા પત્ર લખી ઝુંપડપટ્ટી કોલવડા ખસેડવા માંગણી કરતા કોલવડાના ગ્રામજનો રોષે ભરાયા : કોર્પોરેશનમાં આજે આવેદનપત્ર આપી ઉગ્ર આંદોલન કરવાની તૈયારી : આવેદનપત્ર આપવા આવેલા ગ્રામજનોને ડે. મેયર દ્વારા ઉડાઉ જવાબ આપવામાં આવ્યો**

ગાંધીનગર તા ૨૯

ગાંધીનગરમાં મહાત્મા મંદિર પાસેના વિસ્તારમાં છેલ્લા દોઢ દાયકાથી અસ્તિત્વ ધરાવતા ઝુંપડાવાસીઓને વૈકલ્પિક વ્યવસ્થા આપવા માટે ડેપ્યુટી મેયરે પ્રધાનમંત્રીને પત્ર લખ્યો હતો જેમાં આ ઝંપડાઓ સે-૨૫ જી આઈ ડી સી વિસ્તારના પાછળ વિવેકાનંદ નગરમાં ખસેડવા માટે રજુઆત કરવામાં આવી હતી. જયારે મહાનગરપાલિકાની આ હીલચાલ સામે કોલવડાના ગ્રામજનો આગ બબુલા બન્યા છે. કોલવડના ગ્રામજનોએ આજે કોર્પોરેશનમાં આ મામલે ઉગ્ર વિરોધ વ્યકત કરી મ્યુનિ કમિશ્નરને રજુઆત કરી હતી. આ તબક્કે મહાનગરપાલિકામાં હલ્લાબોલ કરી ગામના આગેવાનોએ વિવેકાનંદ નગરની બાજુમા આ વસાહત ઉભી કરવામાં આવશે તો પ્રતિક ઉપવાસ અને આંદોલન કરવામાં આવશે તેવી ચિમકી પણ ઉચ્ચારી છે.

ગાંધીનગર મહાત્મા મંદિર વિસ્તાર આસપાસ વર્ષોથી ઝુંપડા વસાહત અસ્તિત્વ ધરાવે છે. જયારે



આ ઝુંપડાવાસીઓને સે-૨૫ જી આઈ ડી સી વિસ્તાર પાછળ વિવેકાનંદનગરમાં ખસેડવા માટે ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલે અગાઉ પ્રધાનમંત્રીને પત્ર લખ્યો હતો. મહાનગરપાલિકા દ્વારા હીલચાલ કરવામાં આવતા કોલવડાના ગ્રામજનોમાં પ્રબળ આક્રોશ પ્રવર્તાયો છે. ઝુંપડાવાસીઓને અન્ય જગ્યાએ ખસેડવાની હરકતના મંડાણ સામે કોલવડાના ગ્રામજનોમાં સખત વિરોધ ભડક્યો હતો. આજે આ મામલે કોલવડાના ગ્રામજનો મહાનગરપાલિકાની કચેરીમાં એકજુથ થઈને રજુઆત કરવા માટે આવ્યા હતા આ તબક્કે તેમણે મ્યુનિ કમિશ્નરને આવેદનપત્ર આપ્યુ હતુ. જેમાં રજુઆતમાં જણાંવ્યા અનુસાર શહેર અસ્તિત્વમાં આવ્યુ ત્યારે તેમણે પોતાની કીંમતી જમીન પાણીના ભાવે આપી છે. જયારે મહામુલી જમીન સામે ખેડુતોને મામુલી રકમ મળી હતી. તેમજ શહેરમાં નાના પ્લોટ પણ આપવામાં આવ્યા હતા. જેની સામે કોલવડા ગામની ભાગોળે જી આઈ ડી સી કાર્યરત કરવામાં આવી તેમજ રહેણાંક વિસ્તારનો વિકાસ અટકી ગયો. જયારે અનેક રજુઆતોના અંતે ડી પી અને ટી પી જાહેર કરવામાં આવી છે. પરંતુ છેલ્લા દોઢ દાયકાથી આ વિસ્તારમાં કોઈ ખાસ વિકાસ થયો નથી. આંતરિક માર્ગોનુ કામ ચાલુ થયુ છે જયારે ગણા રસ્તાઓ બંધ છે. ગટરનુ કામ પણ અધુરુ છે. આવા સંજોગોમાં ઝુંપડપટ્ટી હવે કોલવડા ગામના પ્રવેશદ્વાર પાસે ખસેડવાની હિલચાલ કરવામાં આવી રહી છે. આ વસાહત આ ઠેકાણે અસ્તિત્વમાં આવે તો ગામનો વિકાસ સદંતર રૂંધાઈ જશે એટલુ જ નહીં પરંતુ ખેડુતોની જમીનોનુ મુલ્ય પણ શુન્ય થઈ જશે. આમ છતા આ કામગીરી કરવામાં આવશે તો ચુંટણીના બહિષ્કાર તેમજ પ્રતિક ઉપવાસ કરીને કાળી પટ્ટી બાંધીને ગ્રામજનો અહીંસક આંદોલન કરી ન્યાય માટે લડત આપશે તેમ પણ તેમણે જણાંવ્યુ છે. ઉલ્લેખનીય છે કે ડેપ્યુટી મેયર દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગાંધીનગરના સાંસદ અમીતભાઈ શાહને બે દિવસ પહેલા પત્ર લખીને મહાત્મા મંદિર પાસેથી ઝુંપડપટ્ટી કોલવડા ખાતે ખસેડવાની માંગણી કરી હતી. જેને લઈને કોલવડાના ગ્રામજનોમાં ભારે રોષ ભભુકી ઉઠયો છે. આ પત્ર બાદ ગ્રામજનો કોઈપણ ભોગે કોલવડામાં ઝુંપડપટ્ટી માટે જમીન નહીં આપવા મક્કમ છે જેના પગલે ભારે વિરોધ જોવા મળી રહયો છે.

**ધારાસભ્ય રીટાબેન પટેલે શહેર ભાજપ કાર્યાલય ખાતે રક્ષાબંધન ઉજવી**



આજ રોજ ગાંધીનગર શહેર ભાજપ મહાનગર મહિલા મોરચા દ્વારા રક્ષાબંધનના પવિત્ર તહેવારની ઉજવણી સે. ૨૧માં આવેલા કમલમ્ ખાતે કરવામાં આવી હતી. સ્નેહ અને પ્રમના પર્વના પૂર્વ દિવસે બહેનોએ મેયર હિતેષ મકવાણા, શહેર પ્રમુખ ઋચિર ભટ્ટ, તેમજ ઉપસ્થિત મહામંત્રીઓ, કાઉન્સીલરો તેમજ હોદ્દેદારોને ધારાસભ્ય રીટાબેન પટેલે તેમજ અન્ય બહેનોએ રક્ષા બાંધી હતી. (તસવીર : શૈલેન્દ્ર સોલંકી)


## હાર્દિક અભિનંદન



ગાંધીનગર ના પ્રથમ દૈનિક **ગાંધીનગર સમાચાર** નું સંચાલન સંભાળવા બદલ ખૂબ ખૂબ અભિનંદન સહ...
ગાંધીનગર સમાચાર ને આપ ઊંચાઇ ના શિખરો સર કરવો તેવી શુભકામનાઓ પાઠવીએ છીએ...

CITY SQUARE MART ®

KUDASAN, Gandhinagar | VISNAGAR | SECTOR-6, Gandhinagar | MEHSANA | GOTA, Ahmedabad
CHANDKHEDA, Ahmedabad | PUNITNAGAR, Rajkot | PRAHLADNAGAR, Ahmedabad | SARGASAN, Gandhinagar
AMIN MARG, Rajkot | HIMMATNAGAR | ANAND

City Square Mart Group
Fastest Growing Retail Chain in Gujarat


# સ્વચ્છતા સર્વેક્ષણમાં ગાંધીનગરના ૬૫૦૦ નાગરિકોએ ભાગ લઇ પોતાના અભિપ્રાય રજુ કર્યા

**સ્વચ્છ ભારત મિશન અન્વયે દેશના ૪૫૦૦ જેટલા શહેરમાં સર્વે હાથ ધરવામાં આવ્યો છે : ગત જુલાઇના પ્રથમ સપ્તાહથી શરૂ થયેલા આ સર્વેક્ષણમાં નાગરિકોએ પણ ઓનલાઇન ભાગ લીધો**

ગાંધીનગર તા ૨૯

કેન્દ્ર સરકાર દ્વારા હાથ ધરાયેલી સ્વચ્છતા સર્વેક્ષણની કામગીરીમાં હવે નાગરિકોની જવાબદારી પણ મહત્વની પુરવાર થશે. અલબત્ત આ અન્વયે નાગરિકો પાસેથી પણ અભિપ્રાય માંગવામાં આવ્યા છે. જો કે હજુ આ અભિયાનમાં નાગરિકોનુ ઈન્વોલમેન્ટ વિશેષ જોવા મળ્યુ નથી ઓનલાઈન સર્વેક્ષણની આ પ્રક્રીયામાં હાલની સ્થિતિએ માત્ર ૬૫૦૦ નાગરિકોએ જ પોતાનો અભિપ્રાય વ્યકત કર્યો છે. જો કે શહેરમાં સ્વચ્છતા જળવાય તે માટે તમામ વ્યવસ્થાઓ ઉપલબ્ધ છે ત્યારે ડમ્પીંગ સાઈટની યોગ્ય વ્યવસ્થાના અભાવે શહેરનુ સ્થાન પાછળની હરોળમાં રહેતુ હોવાનુ પણ સ્પષ્ટ થઈ રહ્યુ છે.

સમગ્ર દેશમાં સ્વચ્છતાના મામલે પ્રત્યેક નાગરિકમાં જાગૃતિ કેળવાય તેમજ સ્વચ્છ ભારતના અબિયાનને વિશેષ વેગ મળે તે માટે સ્વચ્છ ભારત મિશન અન્વયે કેન્દ્ર સરકાર કક્ષાએથી પ્રતિવર્ષ ગ્રામ્ય તેમજ શહેરી વિસ્તારને અનુલક્ષી વિવિધ બે કેટેગરીમાં સ્વચ્છતાના મામલે સર્વેક્ષણ હાથ ધરવામાં આવે છે. જયારે હાલ ચાલતા શહેરી વિસ્તારના સર્વેક્ષણ અન્વયે સમગ્ર દેશના ૪૫૦૦ જેટલા શહેરોમાં સ્વચ્છતાના મામલે સર્વે કરવામાં આવી રહ્યો છે. જયારે અગાઉ હાથ ધરવામાં આવેલા સર્વેના અંતે ગાંધીનગર જિલ્લો સ્વચ્છતાના મામલે ૨૨ માં ક્રમે હોવાનુ સ્પષ્ટ થયુ હતુ. જયારે હવે આ સ્થિતિમાં સુધાર લાવવા માટે પણ પ્રયાસો ચાલી રહ્યા છે કોર્પોરેશન પણ આ માટે વિશેષ પ્રયત્નશીલ છે. જયારે ગાંધીનગર શહેરમાં આ અંગે સ્થિતિ ચકાસવા માટે સ્વચ્છતા સર્વેક્ષણના પરિબળોને અનુલક્ષીની સ્વચ્છ ભારત મિશન અન્વયે ગાંધીનગરનો પણ અભ્યાસ કરવામાં આવ્યો હતો. સ્વચ્છ ભારત મિશન અન્વયે નિષ્ણાંતોએ શહેરનો પણ સર્વે કર્યો હતો જેમાં સેકટરોમાં ડોર ટુ ડોર કચરો

● અનુસંધાન પાન-૭ પર

**ગુજરાતનાં ખેડૂતો માટે સરકારના બે મોટા એલાન**

# વરસાદ ખેચાતા ૮ની જગ્યા હવે ૧૦ કલાક વીજળી અપાશે

**કચ્છ, મહેસાણા, સુરેન્દ્રનગર, ખેડા, પાટણ, રાજકોટ, જામનગર તેમજ અમદાવાદ, દ્વારકા, બનાસકાંઠા, જૂનાગઢ, સાબરકાંઠામાં ૧૦ કલાક વીજળી અપાશે**

ગાંધીનગર, તા.૨૯

રાજ્યમાં વરસાદ ખેચાતા જગતનો તાત ચિંતિત બન્યો છે. ત્યારે ખેડૂતોને લઈ ઉર્જા મંત્રીએ મોટી જાહેરાત કરી છે. પિયત માટે રાજ્યના ખેડૂતોને ૧૦ કલાક વીજળી આપવાની જાહેરાત કરી છે, અત્રે ઉલ્લેખનીય છે કે, ૨ કલાક વધુ વીજળી આપવાની સાથો સાથ નર્મદા અને સુજલામ સુફલામમાં સિંચાઈ માટે પાણી છોડવાની પણ જાહેરાત કરાઈ છે મંત્રીએ જાહેરાત કરતા કહ્યું કે, ગુજરાતના મુખ્યમંત્રી લોકોની સુખાકારી માટે લોક ઉપયોગી નિર્ણયો કર્યા છે, જૂલાઈમાં ૮૦ ટકા વરસાદ થયો છે,અત્યારે વરસાદની ખોટ સર્જાઈ છે પાણી છતાં પાક સુકાય રહ્યો છે. ખેડૂતોની કૃષિ મંત્રીને રજૂઆતો આવી છે જેને લઈ વીજળી અને પાણી આપવાની જાહેરાત કરાઈ છે, વીજળી ખેડૂતોને આઠ કલાક અપાય છે જેની જગ્યા હવે ૧૦ કલાક આપવામાં આવશે. જેમા કચ્છ, મહેસાણા, સુરેન્દ્રનગર, ખેડા, પાટણ, રાજકોટ, જામનગર તેમજ અમદાવાદ, દ્વારકા, બનાસકાંઠા, જૂનાગઢ, સાબરકાંઠામાં ૧૦ કલાક વીજળી અપાશે. જેને લઈ ૧૨ લાખ ખેડૂતોને ફાયદો થશે. વધુમાં મંત્રીએ ઉમેર્યું હતું કે, નર્મદામાંથી પાણી છોડવાનો નિર્ણય લેવાયો છે. ૧૪ પાઈપ લાઈનથી સુજલામ સુફલામ યોજના છે તેમાં પણ પાણી છોડવામાં આવશે. સાણંદ અને આસપાસના વિસ્તારો કે જ્યાં ડાંગર થાય છે ત્યાં બે-ત્રણ દિવસમા પણ પાણી અપાશે. ૮૦ ટકા ડેમો ભરાયા છે બાકીના ડેમો માંથી પણ પાણી છોડવામાં આવશે.

# ખ-માર્ગ પર પાંચ હજાર વૃક્ષો બચાવવા માટે નવી ગટર લાઈન નાંખવા માટે નવી ડિઝાઈન

**અગાઉ ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય રીટાબેન પટેલે સ્થળ પર નિરિક્ષણ કરી વૃક્ષોને બચાવવા માટે તંત્રને નવો પ્લાન તૈયાર કરવા જણાંવ્યુ હતુ જેના લીધે હવે વૃક્ષોનો ભોગ નહીં લેવાય : વાઇબ્રન્ટ સુધી ખ-૫ સુધી કામ પણ પુર્ણ કરી દેવાશે**

ગાંધીનગર તા ૨૯

ગાંધીનગરમાં પાણી ગટરની નવી લાઈન નાંખવામાં આવી રહી છે. શહેરના જુના સેકટરોમાં અત્યાર સુધી અંદાજિત ૧૫૦ કી મી વિસ્તારમાં નવી લાઈન નાંખવાનુ કામ પુર્ણ કરી દેવામાં આવ્યુ છે. જયારે હાલ સેકટરોમાં લાઈનનુ ઘરો સાથે જોડાણ આપવા સહીત રીંગરોડ પર કામગીરી ચાલી રહી છે જયારે નગરના ખ માર્ગ પર લાઈન નાંખવા માટે અગાઉ ૫ હજાર જેટલા વૃક્ષોનો સોથ વળે તેવી સ્થિતિ હતુ પરંતુ થોડા સમય અગાઉ ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય રીટાબેન પટેલે રૂબરૂ મુલાકાત લઈનો સ્થળ સ્થિતિનુ નિરિક્ષણ કરી વૃક્ષો કપાય નહી તે મુજબ નવી ડિઝાઈન તૈયાર કરવા માટે સુચના આપી હતી જેને અનુલક્ષીને હવે ખ માર્ગ પર ગટર લાઈનની કામગીરી દરમિયાન હરિયાળીનો સોથ નહીં વળે જયારે નવી ડિઝાઈન મુજબ ટુંકમાં લાઈન નાંખવાનુ કામ પણ શરૂ કરી દેવાશે.

ગાંધીનગરમાં નવી ગટર લાઈન નાંખવાની કામગીરી ચાલી રહી છે જયારે પાણી ગટરની નવી લાઈન નાંખવા માટે અત્યાર સુધી ઘણાં વૃક્ષોનો સોથ વળી ગયો છે. જયારે શહેરના સેકટરોમાં થતા ખોદકામ દરમિયાન પણ અનેક ઠેકાણે ગાબડા પડવાની સાથે કેબલ કટ થવા સહીતના કિસ્સાઓ સામે આવતા સ્થાનિકોએ પણ પારાવાર હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. શહેરમાં દાયકાઓ જુની ગટર લાઈનના ઠેકાણે હાલ સેકટરોની વસતી અને વિકાસને ધ્યાનમાં રાખી આગામી દાયકાઓ સુધી યોગ્ય ગટર સેવા ઉપલબ્ધ થાય તે મુજબની મોટાડાયામીટર વાળી લાઈન નાંખવાનુ કામ હાથ ધરવામાં આવ્યુ છે. શહેરના જુના સેકટરોમાં ગટર લાઈન નાંખવાની કામગીરી પુર્ણતા તરફ છે આ દરમિયાન અંદાંજિત ૧૫૦ કી મી વિસ્તારમાં નવી લાઈન નાંખવામાં આવી છે. જયારે હવે ઘરોના જોડાણ આપવાનુ કામ પણ હાથ ધરવામાં આવ્યુ છે. સેકટરોમાં વર્ષો જુની લાઈનના લીધે ગટરો ઉભરાવાની તેમજ મેઈનહોલ તુટવા સહીતની બાબત લાંબા સમયથી તંત્ર માટે પણ શિરદર્દ સમાન બની છે. જયારે આ પ્રોજેકટના અંતે ગટર લાઈનની સમસ્યાનુ કાયમી નિરાકરણ આવશે શહેરના ખ માર્ગ પર હવે નવી લાઈન નાંખવાની કામગીરી હાથ ધરવામાં આવશે નગરના ખ માર્ગ પર મહાત્મા મંદિર સ્થિત છે. ત્યારે આ વિસ્તારમાં નવી લાઈન નાંખવાના આયોજનને અનુલક્ષી હાલ ખ - ૫ સુધી કામ કરવાનો નિર્ણય લેવાયો છે. જયારે વાઈબ્રન્ટ બાદ આગળ કામ હાથ ધરાશે. ખ માર્ગ પર અગાઉ જંગલ વિસ્તારમાંથી નવી લાઈન નાંખવાનુ આયોજન કરવામાં આવ્યુ હતુ પરંતુ આ કામગીરીના લીધે ૫ હજાર જેટલા વૃક્ષોની કટોતી કરવી પડે તેવી સ્થિતિ સર્જાઈ હતી આવા સંજોગોમાં ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય રીટાબેન પટેલે અગાઉ સ્થળ મુલાકાત લઈને સ્થિતિનુ નિરિક્ષણ કર્યુ હતુ. આ દરમિયાન તેમણે વૃક્ષ વાવો પર્યાવરણ બચાવોના અભિગમ સાથે ત્વરિત અસરથી ખ માર્ગ પરની કામગીરીને અનુલક્ષી નવેસરથી ડિઝાઈન તૈયાર કરવા જણાંવ્યુ હતુ જેથી વૃક્ષોને પણ બચાવી શકાય જેના અંતે હવે માર્ગની એકસાઈડ તરફ નવી લાઈન નાંખવામાં આવશે જેના લીધે વૃક્ષોને કાપવાની ફરજ નહી પડે. ખ માર્ગ પર ગટર લાઈનનુ કામ કરવાનુ આમ પણ મુશ્કેલ છે. ગટરલાઈનની દ્રષ્ટીએ આ વિસ્તારમાંથી પસાર થતી લાઈનનો ઉપયોગ આસપાસના સે- ૪,૫, ૧૪, ૨૫,૨૬ વાવોલ, ગોકુલપુરા, જી આઈ ડી સી સહીતના વિસ્તારને અનુલક્ષીને થાય છે. જેથી આ વિસ્તારને અનુલક્ષી ૬૦૦ થી ૧૪૦૦ ડાયામીટરની લાઈન નાંખવામાં આવનાર છે. જયારે મહાત્મા મંદિર અને કેબલ સ્ટેડ બ્રિજ પણ રૂટમાં જ આવે છે. ત્યારે આ સ્થિતિ વચ્ચે ગટર લાઈનની કામગીરી દરમિયાન વિશેષ સાવચેતી રાખવી પણ અનિવાર્ય છે. જયારે હવે ખ માર્ગ પર નવી ડીઝાઈન મુજબ ટુંકમાં નવી લાઈનની કામગીરી શરૂ થશે.

# ચૂકશો નહીં.. આજે આકાશમાં સુપર બ્લુ મૂન જોવા મળશે

ગાંધીનગર, તા. ૨૯

ઓગસ્ટ મહિનો અવકાશી ખગોળીય ઘટનાઓ લઈને આવ્યો છે જેમાં બે સુપરમૂનની અદ્વિતીય ઘટનાનો સમાવેશ થાય છે. સૌથી પહેલી સુપર મૂન ઘટના માસના પ્રથમ દિવસે સર્જાઈ હતી જયારે હવે વિદાય લઈ રહેલા આ મહિનાની તા.૩૦મી ઓગસ્ટના રોજ સુપર બ્લુ મૂનની ઘટના સર્જાશે. આ પ્રકારની ઘટના ફરી વર્ષ ૨૦૩૭ સુધી જોવા મળશે નહીં. ગાંધીનગર ખાતેના ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજીના એડવાઈઝર ડો. નરોત્તમ શાહુએ જણાવ્યું છે કે "આ ઓગસ્ટના આકાશમાં સુપરમૂનની જોડી જોવાની તક મળી છે જેમાં પહેલો સુપર મૂન તા. ૧લી ઓગસ્ટના રોજ જોવા મળ્યો હતો અને હવે બીજો સુપર મૂન તા. ૩૦ ઓગસ્ટના રોજ આકાશમાં બે સુપરમૂન જોવા મળશે. તા. ૩૦ ઓગસ્ટનો ચંદ્ર સુપર બ્લુ મૂન છે. સુપરમૂન આપણને આકાશ તરફ જોવાની અને અન્વેષણ કરવાની ઉત્તમ તક પૂરી પાડે છે. આ વર્ષનો સૌથી મોટો અને તેજસ્વી ચંદ્ર હશે. સુપર બ્લુ મૂન એ એક દુર્લભ અને ભવ્ય ચંદ્ર દર્શન છે, અને આ ઘટના એક દાયકામાં માત્ર એક જ વાર જોવા મળે છે. આ વર્ષનો પહેલો સુપરમૂન જુલાઈમાં જોવા મળ્યો હતો. આમ તો આ પ્રકારની ચોથી અને અંતિમ ઘટના સપ્ટેમ્બરમાં સર્જાશે પરંતુ ઓગસ્ટમાં સર્જાનાર ઘટનામાં તે બંને ઘટના કરતાં તે વધુ નજીક દેખાશે. અગાઉ ૨૦૧૮માં, એક જ મહિનામાં બે સુપરમૂન આકાશમાં દેખાયા જતા અને હવે તે ૨૦૩૭ સુધી વધુ એક વખત જોવા મળશે નહીં તેથી આ આકર્ષક ઈવેન્ટને ચૂકશો નહીં."

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : જેકે વિઝન મિડિયા પ્રાઈવેટ લિમિટેડ વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર, જી. અમદાવાદ ખાતે છાપ્યું અને બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. કાર્યવાહક તંત્રી : મયુર જી. પટેલ, ફોન : ૨૩૨૨૨૫૭૧, મો. ૯૮૭૯૭૯૭૮૮૪, E-mail : gandhinagarsamachar@gmail.com